# ફાઈન આર્ટ્સના ગ્રાફિક વિભાગના વિદ્યાર્થીઓની કલાનું પ્રદર્શન યોજાયું







## ૨૦ વિદ્યાર્થીઓએ પહાટ નામ અંતર્ગત ક્રિએટીવ પ્રદર્શિત કર્યા

**સંદેશ**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સના ગ્રાફીક ડિપાર્ટમેન્ટ દ્વારા ત્રણ દિવસના એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગ્રાફિક ડિપાર્ટમેન્ટના માસ્ટરના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓના કોરોના કાળ દરમિયાન કરેલા છાપ ચિત્રોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. પહાટ નામ અંતર્ગત ગ્રાફિક ડિપાર્ટમેન્ટના માસ્ટર્સના ૨૦ થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ જાતની છાપને પ્રદર્શિત કરવામાં આવી છે. છેલ્લા બે વર્ષથી કોરોનાને કારણે વિદ્યાર્થીઓ તેમના આર્ટવર્કને જાહેર જનતા માટે પ્રદર્શનમાં નહોતા મુકી શક્યા ત્યારે આ પ્રદર્શનથી તેઓને તેમની કલા દર્શાવવાનો અવસર પ્રાપ્ત થયો છે.

